**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** **ISSN: 2581-6241** **Volume - 2, Issue - 4, July-August – 2019**
**Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal** **Impact Factor: 1.847**
**Received on : 02/07/2019** **Accepted on : 19/07/2019** **Publication Date: 31/08/2019**

# આર્થિક વિકાસમા શિક્ષણનો ફાળો

**ડૉ. ગિરિશ ડી. મકવાણા**
એમ એ. , એમફીલ., પી.એચ.ડી., જીસેટ
અધ્યાપક : અર્થશાસ્ત્ર વિભાગ, સી,બી પટેલ આર્ટસ કોલેજ,
કોલેજ રોડ, નડીઆદ-૩૮૭૦૦૧
Email - girishmakwana999@gmail.com

**સારાંશ :** શિક્ષણ એ આજના માનવીની પાયાની જુરુરિયાત છે. શિક્ષણ વિના કોઇ પણ વ્યક્તિ પોતાનો વિકાસ કરી શકે નહિ. અને તેથી પોતાની તાકાત અને કૌશલ્યનો મુક્ત અને યોગ્ય ઉપયોગ કરી શકે નહી. આધુનીક યુગમા શિક્ષણની અગત્યતા ઘણી ઉચી આકવામા આવે છે. શિક્ષણ લેવાથી વ્યક્તિનુ જીવન પ્રત્યેનુ દ્રષ્ટીબિંદુ સાંસ્કારિક મુલ્યોથી રંગાય છે અને માનવી વધારે સારી રીતે જીવન જીવી શકે છે.

**સુચક શબ્દ:-** શિક્ષણ, વિકાસ,માનવમુડી, વિકસિત.

## ૧. પ્રસ્તાવના:

વિકાસની પ્રક્રિયામા ઘણા બધા સામાજીક, સાંસ્કુતિક, રાજકીય અને ટેક્નોલોજીકલ પરીબળો ભાગ ભજવતા હોય છે. છતા કોઇ પણ દેશની આર્થિક પ્રગતી અને વિકાસ માટેની ક્ષમતા નક્કિ કરતા જે પરીબળો છે તેમા શિક્ષણ એક મહત્વનુ અને નિર્ણાયક પરિબળ છે.કારણકે રાષ્ટ પાસે ગમે તેટલી વિપુલ સાધન સમ્રતિ હોય પરંતુ આ સમ્રતિનો ઉત્પાદકીય ઉપયોગ કરી શકે અને તે સમ્રતિને વિવિધ સેવાઓમા જોતરી શકે તેવુ માનવ પરિબળ નહી હોય તો તે દેશ ક્યારેય વિકાસ અને સામાજીક પ્રગતિ કરી શકશે નહી. માનવમુડીના નિર્માણમા શિક્ષણ ખુબજ અગત્યની ભુમિકા ભજવે છે. જો કોઇ પણ દેશે આર્થિક વિકાસ સાધવો હોય તો તેણે શિક્ષણનો વ્યાપ અને તેની ગુણવત્તામા સુધારો કરવો જોઇએ.

ભૌતિક મુડીરોકાણ દેશની સમ્રુદ્ધિમા વધારો કરે છે તે વાત સાચી પરંતુ અત્રે એ પણ યાદ રાખવુ જોઇએ કે આ પ્રકારનૂ મુડીરોકાણ કરવા માટે માનવ મુડીરોકાણ અનીવાર્ય થઇ પડે છે. કારણ કે દેશની કુદરતી અને ભૌતિક સાધન સપતિના ઉપયોગનો આધાર માનવમુડી રોકાણ પર રહેલો છે. પ્રો.શુલ્ટ્જ જેવા અર્થશસ્ત્રીઓનુ માનવુ છે કે શિક્ષણ પાછળ કરવમા આવતુ ખર્ચ વાસ્તવમા માનવમુડી વિકાસલક્ષી ખર્ચ બને છે. એટલુજ નહી પરંતુ ભૌતિક મુડિની ઉત્પદકતા પણ ઉચી લઇ જાય છે જે વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવે છે.

## ૨. શિક્ષણ પર થયેલા વિવિધ સંસોધનો (સાહિત્ય સમિક્ષા)

વિકસિત, વિકસતા અને અલ્પવિકસીત દેશોનો આર્થિક વિકાસ ટેકનોલોજીકલ પ્રગતીની પેદાશ હોય છે.અને તેમા શિક્ષણનો ફાળો અમુલ્ય હોય છે. શિક્ષણ નવુ કમાવાની શક્તિમા ફાળો આપે છે. અને આ ફાળો આર્થિક વિકાસને વેગ આપે છે.જે કેટલાક અભ્યાસો પરથી જાણી શકાય છે.

### કોકેન અને લેરલી

કોકેન અને લેરલી ના અભ્યાસોમાથી એવુ તારણ નીકળે છે કે લોકોની અક્ષરજ્ઞાનની માત્રામા 1 ટકનો વધારો શિશુ મ્રુત્યુદરમા ૦.૫૫ ટકા અને બાળ મ્રુત્યુદરમા ૦.૨૫ નો ઘટાડો લાવે છે.

### મોરીસન:-

મોરીસનના એક અભ્યાસનુ તારણ એ છે કે શિક્ષણ પર પુરતો ભાર મુકવામા ન આવે તો ભૌતિક મુડીરોકાણનો આર્થિક વિકાસમા ફાળો ઘટી જાય છે.

### સુલ્ટ્ઝ, મેકર્લોગ,મેરી બ્રાઉસન :-

આ અર્થશાસ્ત્રીઓના અનેક સંસોધનોના અભ્યાસ દર્શાવે છે કે જેમા શિક્ષણ ની પરમ્પરા ઘણા લાબા સમયથી ચાલી આવે છે તે દેશોની સરખામણીમા શિક્ષણની સઘવડોની શરુઆત કરતા દેશોમા શિક્ષણનો આર્થિક વિકાસમા ફાળો વધારે હોવાનુ જણાય છે.

### પાઉલ રોનર અને મોરિક સ્ટોક :-

આ બન્ને અર્થશસ્ત્રીઓનો એક રસપ્રદ અભ્યાસ જણાવે છે કે ભારત અને કોરીયાના દેશોમા મોટા પ્રમાણમા મુડીરોકણ કરવા છતા બન્ને દેશોનો આર્થિક વિકાસનો દર જુદો-જુદો રહેવા પામ્યો હતો. કોરિયાના આર્થીક વિકાસની તુલનામા ભારત ઘણુ પાછળ રહી જવા પામ્યુ હતુ. પ્રસ્તુત બાબતે અર્થશાસ્ત્રીઓનુ એવુ માનવુ છે કે આ બન્ને દેશો વચ્ચેના વિકાસના તફાવતનુ કારણ જ્ઞાન છે.

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** **ISSN: 2581-6241** **Volume - 2, Issue - 4, July-August – 2019**
**Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal** **Impact Factor: 1.847**
**Received on : 02/07/2019** **Accepted on : 19/07/2019** **Publication Date: 31/08/2019**

## વિશ્વબેંક્નો રિપોર્ટ:-

વિશ્વબેંકના ૧૯૮૦ ના વિશ્વવિકાસ રિપોર્ટ મુજબ શિક્ષણના વિકાસના સંદર્ભમા સ્વ્ય રોજગરી ક્ષેત્રે શિક્ષણનુ મહ્ત્વ કેટ્લુ છે તે અંગે તપાસતા જણાય છે કે સુધારેલી ક્રુષી પધ્ધતીઓ માટે જરુરી પુરાક ઈનપુટ જ્યા મળી રહેતા હતા ત્યા શાળાએ કદી ન જનાર ખેડુત કરતા જે ખેડુતો પ્રાથમિક શાળાના ચાર વર્ષ પુરા કર્યા હોય તેનુ વાર્ષિક ઉત્પાદન સરેરાશ ૧૦ ટકાથી અધિક હ્તુ. એક અંદાજ મુજબ જ્યા એકબીજાને પુરક ઈનપુટ મળી શકે તેમ ન હતુ ત્યા વધારાના શિક્ષણ દ્વારા મળતો ઉત્પાદનમા વધારો પ્રામાણમા ઓછો હતો છતા નોધપાત્ર હતો.

## 3. વિશ્વના વિવિધ દેશોના આર્થિક વિકાસમા શિક્ષણની ભુમિકા:-

આ લેખ લખવા પાછળનો હેતુ શિક્ષણની વિશ્વના વિવિધ અર્થતંત્ર પરની અસરો જાણવાનો છે. આ માટે દુનિયાના વિવિધ અર્થતંત્રો જેવા કે વિકસિત (અમેરિકા,લંડન,સ્વીડન,સ્વિઝરલેન્ડ) વિકસતા (ભારત,ચીન,પકિસ્તાન,શ્રીલંકા),અલ્પવિકસિત (બાગ્લાદેશ,ભુતાન,નેપાલ,માલી) જેવા અર્થતંત્રોની આકડાકીય બાબતો તપાસવામા આવી છે. જેના કેટલાક પાસાઓ જેવા કે બેરોજગારી, ગરીબી, બાળમરણ, ખર્ચવાપાત્ર આવક, જન્મ સમયે આયુષ્યની ધારણા,વસ્તીવ્રુધ્ધી દર, એચ,ડી,આઇ વગેરે પર શિક્ષણની કેવી અસર પડે છે તે તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

### ટેબલ:- ૧.૧ વિશ્વના વિવિધ દેશોના આર્થિક વિકાસમા શિક્ષણની ભુમિકા

| ક્રમ | દેશ | શૈક્ષણિક ખર્ચ % (G.D.P (2011) | શિક્ષણ (%) (2011) | બેરોજગારી નો દર (2011) | ગરીબી દર (%) (2011) | આયુષ્યની ધારણા (2011) | શિશુ મ્રુત્યુ દર (deaths /1000 live birth) | ખર્ચવાપાત્ર આવક (per capital G.D.P) (2011) | વસ્તી વ્રુધ્ધી દર (2011) | એચ,ડી,આઇ (2011) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | યુ,એસ એ. (A) | 5.70 | 99 | 9.60 | 12 | 78 | 6.26 | 40,665 | 0.9 | 0.910 (4) |
| 2 | યુ.કે (A) | 5.30 | 99 | 7.80 | 14 | 79 | 4.85 | 35,645 | 0.7 | 0.863 (28) |
| 3 | સ્વિડન (A) | 7.70 | 99 | 8.30 | 0.01 | 80 | 2.75 | 39,847 | 1.0 | 0.904 (10) |
| 4 | સ્વીઝરલેન્ડ (A) | 5.80 | 99 | 6.90 | 0.01 | 82 | 4.18 | 42,857 | 0.9 | 0.903 (11) |
| | સરેરાશ | **6.12** | **99** | **8.15** | **6.50** | **79.50** | **4.51** | **39753.50** | **0.87** | **0.895** |
| 1 | ચીન (B) | 3.90 | 95.90 | 4.3 | 8 | 72 | 20.25 | 8,288 | 0.5 | 0.687 (101) |
| 2 | ભારત (B) | 4.40 | 74.04 | 10.08 | 27 | 62 | 30.15 | 3.608 | 1.4 | 0.547 (134) |
| 3 | પાકીસ્તાન (B) | 1.80 | 58.20 | 15.20 | 24 | 65 | 65.14 | 2,851 | 2.10 | 0.504 (145) |
| 4 | શ્રીલંકા(B) | 4.50 | 94.20 | 5.90 | 23 | 72.4 | 15.76 | 5,611 | 0.47 | 0.691 (97) |
| | સરેરાશ | **3.65** | **80.58** | **8.87** | **20.50** | **67.85** | **32.82** | **5089** | **1.11** | **0.607** |
| | **Different than(A)** | **-2.40** | **-18.42** | **+0.72** | **+14** | **-11.65** | **+28.31** | **-34664** | **0.24** | **-0.288** |
| 1 | બાગ્લાદેશ (c) | 2.07 | 52.80 | N.A | 31.10 | 65 | 59.02 | 5,747 | 1.5 | 0.500 (146) |
| 2 | ભુતાન (c) | 2.44 | 26.20 | 30.0 | 36.10 | 54 | 49.36 | 1,302 | 2.4 | 0.522 (141) |
| 3 | નેપાલ (c) | 2.17 | 48.27 | 15.22 | 32.80 | 62 | 102.05 | 2891 | 1.85 | 0.359 (175) |
| 4 | માલી (c) | 3.40 | 68.20 | 46.0 | 24.70 | 63.80 | 47.46 | 1,328 | 1.97 | 0.458 (157) |
| | સરેરાશ | **2.52** | **48.86** | **22.80** | **31.17** | **61.20** | **64.47** | **2817** | **1.93** | **0.459** |
| | **Different than (A)** | **-4.00** | **-50.14** | **+14.73** | **+24.67** | **-18.30** | **+59.96** | **-36936** | **+1.06** | **-0.436** |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 2, Issue - 4, July-August – 2019
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 1.847
Received on : 02/07/2019 Accepted on : 19/07/2019 Publication Date: 31/08/2019

**(A) વિકસિત દેશ. (B) વિકસતા દેશ (C) અલ્પવિકસિત દેશ**
**નોંધ:- H.D.I** વાળી કોલમમા કૌશવાળુ ચિન્હ રેંક દર્શાવે છે.

**સ્ત્રોત:-**
http://www.natiomaster.com
http://www.en.wikipedia.org

**૩.૧ તારણો:-**

- કોષ્ટક જોતા જણાય છે કે વિકસિત દેશો **(A)** તેમની જી.ડી.પી ના સરેરાશ **૬.૧૨** ટકા જેટલો ખર્ચ શિક્ષણ પાછળ કરે છે. જેની સીધી અસર શિક્ષણના વધારાના **(૯૯%)** રૂપમા સ્પષ્ટ જોઈ શકાય છે. શિક્ષણના ઉંચા પ્રમાણને લીધે આ દેશોમા આર્થિક વિકાસને અવરોધક એવા બેરોજગારી **(૮.૧૫)** ગરીબી **(૬.૫૦)** બાળમરણ **(૪.૫૧)** વસ્તીવ્રુધ્ધી **(૦.૮૭)** વગેરેના દર ઘણા નીચા રહેવા પામ્યા છે જ્યારે અપેક્ષીત આયુષ્યનુ પ્રમાણ **૭૯.૫૦** જેટલુ ઉંચુ જોવા મળ્યુ છે. જે સ્વાસ્થ્યના ઉંચા ધોરણોનો પણ નિર્દેશ કરે છે. આની સાથે સાથે ખર્ચવાપાત્ર આવકોનુ પ્રમાણ વાર્ષિક માથાદીઠ **૩૯૭૫૩.૫૦** જેટલુ જોવા મળે છે. જે આર્થિક પ્રગતિના ઉંચા ધોરણોનો નિર્દેશ કરે છે. આની સાથે સાથે નોંધપાત્ર બાબત એ છે કે આવા દેશો આર્થિક વિકાસના વર્તમાનના સૌથી શ્રેષ્ઠ માપદંડ એચ,ડી,આઈ મા અગ્રતા ક્રમ ધરાવે છે. સમગ્ર રીતે જોતા કહી શકાય કે શિક્ષણની આવા દેશોના વિકાસ પર હકારાત્મક અસરો પડી છે.
- વિકસતા (**B**) દેશોની સ્થિતી જોઇએ તો વિકસતા દેશો તેમની જી.ડી.પી ના સરેરાશ **૩.૬૫** ટકા જેટલો ખર્ચ કરે છે. જે વિકસિત દેશોની તુલનામા **૨.૪૦** ટકા જેટલો નીચો છે. જેને કારણે શિક્ષણના પ્રમણની બાબતમા આવા દેશો વિકસિત દેશોની તુલનામા **૧૮.૪૨** ટકા જેટલા પાછળ છે. શિક્ષણના નીચા પ્રમાણની આવા દેશોમા વિવિધ આર્થિક અને સામાજીક પરીબળો પર વિપરીત અસરો થયેલી જોવા મળે છે. જેમ કે બેરોજગારીમા **૦.૭૨ ,** ગરીબીદરમા **૧૪,** બાળમરણ દરમા **૨૮.૩૧,** વસ્તીવ્રુધ્ધી દરમા **૧.૪૦** જેટલો વિકસિત દેશોની તુલનાએ વધારો જોવા મળે છે. તેમજ એચ,ડી,આઈ મા પણ આવા દેશો ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવામા નિષ્ફળ રહયા છે.
- અલ્પવિકસીત (**C**) દેશોની પરિસ્થિતી વિકસિત અને વિકસતા દેશો કરતા સાવ ભિન્ન જોવા મળે છે. અલ્પ વિકસિત દેશો તેમની જી,ડી,પી ના **૨.૫૨** ટકા જેટલો ખર્ચ શિક્ષણ પાછળ કરે છે. જે વિકસિત અને વિકસતા દેશોની તુલનાએ **૪.૦૦** અને **૧.૧૩** જેટલો નીચો છે. જેને કારણે શિક્ષણનુ પ્રમાણ આ દેશોમા વિકસિત દેશોની તુલનાએ **૫૦.૫૪,** વિકસતા દેશોની તુલનાએ **૩૧.૭૨** જેટલુ નીચુ જોવા મળે છે. જેની સીધી અસર આ દેશોના આર્થિક પરીબળો જેવા કે બેરોજગારી,ગરીબી, બાળમરણ દર, વસ્તીવ્રુધ્ધી દર વગેરે વિકસિત દેશોની તુલનામા અનુક્રમે **૧૪.૭૩**, **૨૬.૬૭**, **૫૯.૯૬**, **૧.૦૬** જેટલા ઉંચા જોવા મળ્યા છે. અપેક્ષિત આયુષ્યનુ પ્રમાણ પણ વિકસિત દેશોની તુલનાએ **૧૮.૩૦** જેટલુ નીચુ રહયુ છે. જ્યારે ખર્ચવાપાત્ર આવકોનુ પ્રમાણ વાર્ષિક માથાદીઠ વિકસિત દેશોની તુલના એ **૩૬૯૩૬** જેટલુ નીચુ જોવા મળે છે . તેમજ એચ,ડી,આઈ મા પણ આવા દેશોનુ સ્થાન ખુબજ પાછળ રહયુ હોવાનુ જોઇ શકાઇ છે.

ટુકમા, સમગ્ર કોષ્ટકનો અભ્યાસ જણાવે છે કે શિક્ષણનુ ઉંચુ પ્રમાણ જેતે દેશના આર્થિક તેમજ સામાજીક વિકાસમા મહત્વની ભુમિકા ભજવે છે.

**૪. ભારતના આર્થિક પરિબળો પર શિક્ષણની થયેલી અસરો**

નીચેના કોષ્ટ્કમા ભારતમા ૧૯૫૧ થી ૨૦૦૧ દરમિયાન શિક્ષણ પાછળ કરવામા આવેલુ ખર્ચ, શિક્ષણનુ પ્રમાણ અને તેની ગરીબી, માથદીઠ આવક, રાષ્ટ્રીય આવક અને વસ્તીવ્રુધ્ધી દર પર કેવી અસરો થઇ છે તેની માહિતી આપવામા આવી છે.

**ટેબલ:- ૧.૨ ભારતના આર્થિક પરિબળો પર શિક્ષણની થયેલી અસરો**

| વર્ષ | ખર્ચ | | શિક્ષણનો દર | ગરીબી દર | જી.ડી.પી (per capital Rs). | રાષ્ટ્રીય આવક (G.D.P) (Rs. Crores) | વસ્તી વ્રુધ્ધી નો દર |
|---|---|---|---|---|---|---|---|
| | કુલ ખર્ચ. % | સરકર નુ શિક્ષણ પરનુ ખર્ચ | | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1951 | 814.13 | 64.76 (7.91) | 18.30 | 58 | N.A | 140466 | 1.26 |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 2, Issue - 4, July-August – 2019
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 1.847
Received on : 02/07/2019 Accepted on : 19/07/2019 Publication Date: 31/08/2019

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1961 | 1997.93 | 239.56 (11.99) | 28.30 | 38 | N.A | 202264 | 1.93 |
| 1971 | 17958.99 | 892.36 (10.16) | 34.45 | 39 | N.A | 296278 | 2.24 |
| 1981 | 36398.39 | 3884.20 (10.67) | 43.57 | 34 | 398.06 | N.A | 2.28 |
| 1991 | 146711.53 | 19615.85 (13.37) | 52.20 | 31 | 862.68 | 692871 | 2.14 |
| 2001 | 522160.14 | 82486.43 (14.41) | 65.38 | 27 | 1519.57 | 1864300 | 1.93 |

**સ્ત્રોત:- 1. National Account Statistics, Central Statistical Organization**
**2. Selected Educational Statistics 2000-01, Ministry of Human Resource Development, Government of India**
**નોંધ:-કૌસમા આપેલા આંકડા ટકા દર્શાવે છે>**

**૪. ૧ તારણો :-**

- કોષ્ટક જોતા જણાઇ આવે છે કે સરકારનુ શિક્ષણ પાછળનુ ખર્ચ **૧૯૫૧** મા કુલ ખર્ચના **૭.૯૧** ટકા હતુ, જે **૨૦૦૧** મા વધી ને **૧૪.૯૧** ટકા થવા પામ્યુ હતુ. એટલે કે ચોખ્ખો વધારો **૬.૫** ટકાનો થયો છે. જેની સીધી અસર શિક્ષણના વધારાના પ્રમાણના રૂપમા જોઈ શકાય છે.
- **૧૯૫૧** મા ભારતમા શિક્ષણનુ પ્રમાણ **૧૮.૩૦** ટકા હતુ જે વધીને **૨૦૦૧** મા **૬૫.૩૮** ટકા થવા પામ્યુ છે. એટલે કે **૧૯૫૧** થી **૨૦૦૧** ના સમયગાળા દરમીયાન શિક્ષણના ટકાવારી પ્રમાણમા ચોખ્ખો **૪૭.૦૮** ટકાનો વધારો નોંધયો છે.
- શિક્ષણના આ વધારાની સીધી અસર ગરીબીમા, રાષ્ટ્રીય આવક્મા, વસ્તીવ્રુધ્ધી દર જેવી અનેક આર્થિક બાબતો પર જોઈ શકાય છે. **૧૯૫૧** મા જ્યારે શિક્ષણનુ પ્રમાણ **૧૮.૩૦** ટકા હતુ ત્યારે ગરીબીનુ પ્રમાણ **૫૮** ટકા જેટલુ ઉંચુ હતુ. આનો અર્થ એ થયો કે શિક્ષણના નીચા પ્રમાણમા ગરીબી રેખા નીચે જીવતી વ્યક્તિઓની સંખ્યા વધારે હતી. **૧૯૫૧** થી **૨૦૦૧** દરમીયાન શિક્ષણના પ્રમાણમા **૪૭.૦૮** ટકાનો વધારો થતા ગરીબી દરમા **૩૧** ટકા ઘટાડો નોધાયો હતો.
- તેવીજ રીતે માથાદીઠ આવક જી,ડી.પી ના **૧૯૮૧** મા ૩૯૮.૦૬ ડોલર હતી જે વધીને **૨૦૦૧** મા **૧૫૧૯.૫૭** થઈ. એટલે કે **૨૦** વર્ષના સમયગાળામા શિક્ષણના પ્રમાણમા **૨૧.૮૧** ટકાનો વધારો થતા માથાદીઠ આવકામા **૧૧૨૧.૫૧** નો વધારો નોધાયો છે.
- દેશની રાષ્ટ્રીય આવકામા **૫૦** વર્ષમા ચોખ્ખો **૭.૫૩** ટકાનો વધારો થયો હતો.
- વસ્તીવ્રુધ્ધી દરની વાત કરીએ તો શિક્ષણના વધારાની સાથે શરૂઆતમા ઘટતા દરે ત્યાર બાદ વધતા દરે ઘટાડો નોધાયો છે.

**૫. સમાપન :**

ટુકમા આર્થિક વિકાસનો પ્રશ્ન એ કેવળ નાણાકીય કે ભૌતિક મુડીરોકાણ પુરતો મર્યાદીત રહ્યો નથી પરંતુ, એથી કંઇક વિશેષ છે. ઝડપી આર્થિક વિકાસ માટે ભૌતિક મુડિરોકાણની જરૂર પડે છે તે સાચુ પરંતુ માત્ર તેનાથીજ આર્થિક વિકાસ સાધી શકાતો નથી. ભૌતિક મુડીરોકાણ ઉપરાત માનવ-સંસાધનોના વિકાસ માટેનુ મુડીરોકાણ પણ એટલુ જ મહત્વનુ સ્થાન ધરાવે છે તેવુ તાજેતરના અભ્યાસો પરથી જાણવા મળ્યુ છે.

**સંદર્ભ સુચિ :**

**૧.** બી. કે. ભટ્ટ “સામાજીક ક્ષેત્ર અને પર્યાવરણનુ અર્થશાસ્ત્ર”- ૨૦૦૪, પાન ન- ૩૦૭.

**વેબસાઈટ :-**

- http://www.natiomaster.com
- http://www.en.wikipedia.org